# ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ રદ કરાવવા અંગે (વર્ષ ૨૦૧૪-૧૫)

(૧) જે ઉમેદવારોને અત્રેની પ્રવેશ સમિતિ દ્વારા પ્રથમ/બીજા રાઉન્ડમાં ફાળવાયેલ પ્રવેશ રદ કરાવવો હોય અને જેઓએ નિયત સમયમર્યાદામાં હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ કરી નિયત ફી ભરેલ હોય, તેવા તમામ ઉમેદવારોએ તા. ૦૨/૦૮/૨૦૧૪ થી તા. ૦૩/૦૮/૨૦૧૪ દરમ્યાન એડમિશન સ્લીપ અને બેન્ક ફી ચલણ (અસલ તથા ઝેરોક્ષ) તથા ફોટો આઈડી સાથે, સવારે ૧૧-૦૦ થી ૪-૦૦ કલાક દરમ્યાન, પ્રવેશ સમિતિ બિલ્ડીંગ, એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ, નવરંગપુરા, અમદાવાદ ખાતે ઉમેદવારને રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે. પ્રવેશ રદ કરાવવા માટેનું ફોર્મ પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે, જે સંપૂર્ણ ભરીને ઉપર જણાવેલ દસ્તાવેજો સાથે રજૂ કરવું.

(૨) જે ઉમેદવારોએ નિયત સમયમર્યાદામાં હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટીંગ કરેલ નથી અને ફી ભરેલ છે અથવા ફી ભરેલ નથી, તેવા ઉમેદવારોએ પ્રવેશ રદ કરાવવાની જરૂરત નથી, તેઓનો પ્રવેશ આપોઆપ રદ થયેલ છે.

(૩) ઉપરોક્ત સમયમર્યાદામાં પ્રવેશ રદ કરાવેલ ઉમેદવારોને તેઓએ ભરેલ ફી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, ઉમેદવારોનાં નામનાં ડ્રાફ્ટથી, તેઓનાં રજિસ્ટર થયેલ સરનામે પરત મોકલી આપવામાં આવશે.

(૪) ફેક્સ / ટપાલ / કુરીયરથી મોકલાવેલ કેન્સલેશન ફોર્મ માન્ય ગણાશે નહીં જેની ખાસ નોંધ લેવી.

(૫) એક વાર પ્રવેશ સમિતિ ખાતે રૂબરૂ આવી પ્રવેશ રદ કરાવ્યા બાદ, અત્રેની સમિતિ દ્વારા પ્રવેશ પ્રક્રિયાનાં ત્યારબાદનાં કોઈપણ તબક્કાઓમાં (જો કાર્યવાહી થશે તો) ભાગ લઈ શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

૦૨/૦૮/૨૦૧૪

— મેમ્બર સેક્રેટરી